


## સલામી સવારની..

*હોય છે નમકહરામો, વિશ્વાસ તૂટે છે,*
*હોય છે અંદરના અંદર નિષ્ઠા ખૂટે છે,*
*લૂંટે છે લંકા વિભિષણો ખૂદ, ભાઈ બની*
*આંગડિયા પેઢી આંગળિયાતોથી તૂટે છે*

હાઈકુ

*આવી જાય છે*
*સીમા પાર કરીને*
*કેક કાપવા?*
*(ચીની સૈનિકો!!)*

*દર કલાકે!*
*બદલાવી નાખજો -*
*'વિમાની' સેવા...*
*(સસ્તું પડશે!)*

### ચિંતન

**સાધુ શબ્દ સમુદ્ર હૈ, જામેં રતન ભરાય,**
**મંદ ભાગ મુઠ્ઠી ભરૈ, કંકર હાથ લગાય.**

સાધુ જંગમ વિદ્યાપીઠ છે. સતત પરિભ્રમણ સાધુજીવનનું આગવું અંગ છે.

કોઈ સ્થાનની માયા ન થાય, સર્વ સુખાય જ્ઞાનનું વિતરણ થાય તે માટે સાધુ તો ચલતા ભલા એમ કહીએ છીએ.

સાધુનો ઉપદેશ શબ્દો દ્વારા પ્રાપ્ત થાય છે. સાધુના અનેક શબ્દોનો વ્યાપ સમુદ્ર સમાન હોય પણ તેમાંથી રત્નો મેળવી લેવાની કાળજી ગૃહસ્થે કરવાની છે. જલારામ બાપા કહે છે ''દે રોટલા નો ટુકડો તો છે ઈશ્વર ઢૂકડો'' આવું રત્ન છે. જેનો અર્થ સમજાય તેનું મૂલ્ય સમજાય તો બેડો પાર થઈ જાય. કબીર કહે છે જે ચિંતનમાં મંદ છે - અંધશ્રદ્ધા રાખે છે. જ્ઞાન વિનાની ભક્તિ બાહ્ય આડંબરમાં પરિણમે છે. ભક્તિ વિનાનું જ્ઞાન અહમ્ અને બેજવાબદારી ભણી દોરી જાય છે.

### સુવિચાર

- રાતભર ગાઢ ઊંઘ આવવી આસાન નથી એના માટે દિવસ આખો ઈમાનદારીથી જીવવું પડે છે - **એસ.એમ.એસ.**
- જતું કરીને પ્રિય બનજો, પોતાનું ધાર્યું કરાવીને અપ્રિય નહીં બનતા - **એસ. ભટ્ટાચાર્ય**
- જે સત્યની આપણી શોધ કરી રહ્યા છીએ એ મુખ્ય પ્રેમ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિનો જ સમન્વય છે - **મુંબઈ સમાચાર**
- એવા લોકોને નમવું કે જેમના દિલમાં કોઈને નમાવી દેવાની જીદ ના હોય - **નવનીત**
- જયાં સદાચાર સાથે ધાર્મિકતા છે ત્યાં જ સહિષ્ણુતા વસે છે - **ફુલછાબ**
- જેઓ દોડી શકતા નથી તેઓ ઠોકર ખાનારાઓને જોઈને હરખાય છે - **મુનિ જૈનચંદ્ર**
- અગ્નિથી લોખંડની પરખ થાય છે અને પ્રલોભનથી સાચા માણસની - **જોનાથન સ્વિફ્ટ**
- આજનું ઔષધ : કોકમનું ઘી ગરમ કરીને ચોપડવાથી હાથપગના તળીયાની બળતરા મટે છે

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

આજકાલ વિદ્યાર્થીઓના વાલીઓની પુત્રો પાસે પર્સન્ટાઈલ-એડમિશનની બહુ મોટી અપેક્ષા હોય છે. પરિણામે મધ્યમ કક્ષાના વિદ્યાર્થી સતત 'ટેન્શન' માં રહે છે અને પરિણામ આવ્યા પહેલાં જ કે પછી કૂવા-તળાવ-કેનાલ કે પંખા પૂરે છે. વાલીઓ એ પોતાની 'બુદ્ધિકક્ષા' નો અંદાજ પહેલાં આંકવો જોઈએ.

૧૯૬૦માં કાશ્મીરના એક વિદ્યાર્થીનું મેટ્રીકનું પરિણામ હતું. પિતા એની સ્કૂલમાંથી પરિણામ લઈ આવ્યા. આનંદથી વિભોર થઈ આખો પરિવાર સાંજે 'આઈસ્ક્રીમ' પાર્ટીની ઉજવણીમાં ગયો.

પિતાજીના સ્વભાવમાં આવી ઉદારતા નો'તી તેથી પુત્રને આશ્ચર્ય થયું. પિતાએ પુત્રના માથે હાથે ફેરવીને કહ્યું, બેટા! તને ખબર છે આજે તારું મેટ્રીકનું પરિણામ હતું! પુત્ર તરત મા-બાપને પગે લાગ્યો - ત્યાં પિતા બોલ્યા - પણ, બેટા તું એ પરીક્ષામાં 'ફેલ' થયો છે. જિંદગીમાં આવી તો કેટલીય કસોટીઓ આવશે માણસ કયારેક સફળ થાય કયારેક નિષ્ફળ જાય! તું હતાશ થયા વિના હિંમતથી ફરી ભણજે અને સારું પરિણામ લાવજે! આ બાળક મોટો થઈ 'અનુપમ ખેર' નામે મોટો ફિલ્મી અભિનેતા થયો.

# અમેરિકાની અવળચંડાઈ : વો હી રફતાર બેઢંગી

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અત્યાર સુધી કોઈ પણ વડાપ્રધાન કરતાં ઓછા સમયગાળામાં સૌથી વધુ અમેરિકાનો પ્રવાસ કરનાર અને અમેરિકન પ્રમુખથી નજીક રહેનારા વડાપ્રધાન તરીકેનો રેકોર્ડ ધરાવે છે. એ જુદી વાત છે કે આ જ અમેરિકાએ એમને ગોધરા પછીનાં રમખાણોના પગલે વિઝા આપવાની મનાઈ ફરમાવીને ભોંઠા પાડ્યા હતા. પરંતુ એ જ અમેરિકાએ માંડ અઠવાડિયામાં જ પોત પ્રકાશ્યું છે અને મૈત્રીના મુદ્દે બે મોટી લોકશાહીઓ સંદર્ભે અમેરિકા પાસે મોદીએ જે મોટી અપેક્ષાઓ રાખી હતી એમાં એમને ડિંગો બતાવી દેવાયો છે અને દાઝ્યા ઉપર ડામની જેમ જે પાકિસ્તાન સામે એમણે અમેરિકન કોંગ્રેસના મંચ પરથી આતંકવાદના પોષક હોવાના આક્ષેપો કર્યા હતા એને અમેરિકાએ ઉમળકાભેર અબજો રૂપિયાની મદદ કરી છે, આતંકવાદના એપીસેન્ટર તરીકે પાકિસ્તાન જગજાહેર છે, અમેરિકા પોતે એની સરહદમાં ઘૂસી બે વખત ખૂંખાર આતંકવાદીઓનો ખાત્મો બોલાવી ચૂક્યું છે, છતાં એ જ પાકિસ્તાનને અમેરિકા પોતાના જૂના અને વિશ્વાસ સાથી તરીકે આતંકવાદ સામે લડવાના બહાને કરોડો ડૉલરની સહાય મંજૂર કરે છે. આ રકમ કયાં વપરાશે તે કહેવાની જરૂર ખરી? ભારતની સરહદો સળગતી રાખવામાં અને કાશ્મીરમાં અલગતાવાદીઓને ખુશ રાખવામાં અમેરિકાના જ ડોલર વાપરતું રહેતું પાકિસ્તાન મોદીના ઓબામા સાથેના કહેવાતા અંગત મૈત્રી સંબંધોની જરુર મજાક ઉડાડતું રહેશે. અમેરિકી સાંસદ જૉન મેક્કેન દ્વારા ભારતને વિશેષ દરજ્જો આપતું બિલ રજૂ થયું તે પસાર ન થઈ શક્યું જયારે નેશનલ ડિફેન્સ ઓથોરાઈઝેશન બિલને લીલી ઝંડી મળી ગઈ. પાકિસ્તાનનો આ સ્ટ્રેટેજિક વિજય નથી તો બીજું શું છે? મોદીએ વધુ પડતો ઉમળકો અને વધુ પડતી ઉતાવળ કરીને અમેરિકાને ગજવે ઘાલવાનો પ્રયાસ કર્યો એમાં એમને સરિયામ નિષ્ફળતાં સાંપડતાં જે અખબારોની હેડલાઈનો એમનાં ઓવારણાં લેતી હતી તે રાતોરાત એમની નિષ્ફળ કૂટનીતિ પર માછલાં ધોવા લાગી છે. ભારતને નેહરુએ 'નૉન એલાઈન્ડ' - કોઈની સાથે ગઠબંધન નહીં ધરાવતા રાષ્ટ્ર તરીકે પ્રસ્થાપિત કરવામાં જે દૂરંદેશી વાપરી હતી કે કેટલી અર્થપૂર્ણ હતી, એનો આ પુરાવો નથી શું? ચીન સાથે વધુ પડતી આત્મીયતા દર્શાવવા ઉતાવળા થયેલા નહેરુને ચીને દગો દીધો હતો, તે જ ઈતિહાસનું અહીં મોદી- ધરાર દાદાગીરી કરી શકે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી માટે અમેરિકા-ચીન સંબંધો જેટલા જ રશિયા સાથેના સંબંધોમાં પ્રવર્તતી ઉદાસીનતા પણ વિચારણીય મુદ્દો છે. રશિયાએ ભારતને એનાં તમામ સંકટોમાં સહાય કરેલી છે - આજે એને વખારે નાખીને અમેરિકાના

**તંત્રીસ્થાનેથી...**

અમેરિકા સંદર્ભે જરા જુદી રીતે પુનરાવર્તન થઈ રહ્યું એવું નથી લાગતું? બલકે હવે તો ચીન અમેરિકાને પણ આંખો કાઢતું થઈ ગયું છે એટલે ન્યુક્લિઅર સિક્યુરિટી ગ્રુપમાં સ્થાન મેળવવા માટે પણ ભારતે અમેરિકા આગળ ખોળો પાથરવા જતાં પહેલાં ચીન સાથે વાતચીત કરવી જોઈએ, એવી ખોળામાં બેસી જવાની હવાઈ કૂટનીતિ ભારત માટે જોખમરુપ સાબિત થઈ રહી છે. ચીન-પાકિસ્તાન અને રશિયાની નવી ધરી રચાઈ રહી છે ત્યારે ભારત મુશ્કેલી વખતે કયાં પાડોશીને ટહુકો કરી શકશે? અમેરિકા તો એના જૂના સાથી પાકિસ્તાનને આંચ આવે કે માઠું લાગે એવું પગલું ભરતાં સત્તર વાર વિચાર કરશે?

# વૃક્ષ સાથે મૈત્રી

એક પ્રસંગને માણીએ :

સાંજના સમયે મહેલના બગીચામાં બેઠેલા રાજાના માથામાં પથ્થર વાગ્યો. માથું લોહીલુહાણ થઈ ગયુ. સૈનિકોએ દોડાદોડી કરી મુકી. પકડો પકડો-કોણે પથ્થર માર્યો. પકડી લાવો ની બૂમો પડી. સૈનિકોએ મા-દીકરાને પકડી દરબારમાં હાજર કર્યા. મા એ રડતાં – રડતાં કહયું. ''મહારાજ, એ વાત સાચી કે પથ્થર મારા દીકરાએ માર્યો છે. પણ એને માફ કરી દો, એ તો બાળક છે. એણે બગીચામાં રહેલા આંબાના ઝાડ પરની કેરી માટે પથ્થર માર્યો પણ કમ નસીબે એ આપ, જહાંપનાહને વાગી ગયો. દયા કરો. માલીક.'' રાજાએ હજાર સોના મહોર આપીને બન્નેને છોડી મૂકયા એ કારણથી કે પથ્થર વાગવાથી ઝાડ ફળ આપે તો હું તો રાજા છું.

મૈત્રી આ જગતનો પવિત્ર શબ્દ છે. દુનિયા આખી દોસ્તી પર ટકેલી છે. માનવ સંબંધોમાંથી દોસ્તીની બાદબાકી થાય પછી ખાસ કશું બાકી રહે નહિ. કેટલાક 'દોસ્તપ્રિય' હોય છે, તો કેટલાક 'પ્રિયદોસ્ત' હોય છે. સાચુ જ ગવાયુ છે કે - 'જિંદગીકા નામ દોસતી, દોસતીકા નામ જિંદગી .... !' વૃક્ષોને મિત્રો બનાવવા આજના સમયની માંગ છે.

ગુલમહોરિયા લાલ રંગની ચાદર કુદરતે પાઠવેલા આશીર્વાદ છે. ભલે ગમે તેટલાં તોફાનો આવે કે મુશ્કેલીઓ આવે ઠંડક ફેલાવવાનું તારું કાર્ય ગતિમાં જ રાખજે. અપકારની સામે ઉપકાર એ વૃક્ષનો મુદ્રાલેખ છે. મૈત્રીનું આનાથી મોટું ઉદાહરણ કયું હોઈ શકે ? હા , એ સાચુ કે ગુલમહોર જોડે મૈત્રી કેળવવી એટલી સરળ નથી!!

મૌન વૃક્ષનું ઘરેણું છે. સાચકલુ મૌન પરિપકવતાનું દ્યોતક છે. તમામ પ્રકારની આસકિત ખરી પડે ત્યારે મૌન સ્થપાતુ હોય છે. માત્ર ભગવા પહેરવાથી વૈરાગ્ય આવી જતુ નથી, તેમ માત્ર ઉંમર વધવાથી સમજ આવી જતી નથી. તે માટે દુન્યવી આસકિતનું ખરવું જરૂરી છે. ઉંમરની સાથે સાથે બુધ્ધિ અને સમજ પણ વધવી જોઈએ. કેટલાકની માત્ર ઉંમર વધે છે જેમ જેમ સમજ વધતી જાય છે તેમ તેમ લોભ-લાલચના લટકણિયાં ખરવા જોઈએ. સમજનું વધવું ને ગેરસમજનું ખરવું બધાના નસીબમાં કયાંથી? એ માટે માણસે કયારેક ગુલમહોર તરફ પોતાનો હાથ લંબાવવો પડે.

વૈશાખી વાયરો વાય કે ગુલમહોરનું વૃક્ષ ડોલી ઊઠે. ડોલવામાં ને હાલવામાં તફાવત તો હોય જ ને ! જરાક અમસ્થી મુશ્કેલીથી હાલી જતાં મનુષ્યોનો અહીં તોટો નથી. અને હસતાં મુખે સમસ્યાઓને 'ફેસ' કરનારા પણ બહોળા પ્રમાણમાં મળી રહે છે. ફેસ' કરવાવાળા 'રેસ' કરવાવાળાને પાછળ મૂકી દેતા હોય છે.

વૈશાખના લાડકા બે વૃક્ષો : એક ગુલમહોર અને બીજો ગરમાળો. ગુલમહોર એ ગુલમહોર છે અને ગરમાળો એ ગરમાળો છે. બે માંથી કોણ ચડે એવી ઠાલી ચર્ચા વૃક્ષ જગતમાં નથી થતી. દરેકનું પોતાનું અસ્તિત્વ છે, પોતાની મહેંક છે, પોતાનો સ્વભાવ છે. કુદરત કયારેય સરખામણી નથી કરતુ કે કોઈને ઉતરતું નથી લેખતુ. જયારે માણસ ? માણસને સરખામણી વગર અને હરીફાઈ વગર ચેન નથી પડતુ. જે. કૃષ્ણમૂર્તિ કહી ગયા કે જીવનને સ્પર્ધા મુકત બનાવે એ જ સાચુ શિક્ષણ.

વૃચ્છન સે મત લે. મન તુ વૃચ્છન સે મત લે
ધૂપ સહત અપને સી ઉપર ઔર કો છાંહ કરેત




જો વાહી કો પથ્થર ચલાવે તાહી કો ફલ દેત
ધન્ય ધન્ય યે પર ઉપકારી, વૃથા મનુજ કી દેહ...

(વૃચ્છન-વૃક્ષ) (રાગ : બિહાગ)

કવિ સૂરદાસનું આ ગીત આજે પણ એટલુ જ પ્રસ્તુત છે. ગુલમહોરને કંકાસ સાથે નહિ સંસ્કાર સાથે જોડી શકાય. વૃક્ષના અનંત ઉપકારો મનુષ્યો ઉપર છે. છતાં કયારેય બોલીને કે લખીને ઉપકાર જતાવ્યો નથી.

દરેક વૃક્ષ જાણે ગાંધી સ્ટાઈલમાં કહેતુ ન હોય- 'મારું મૌન એ જ મારું જીવન'. વૃક્ષનું મૌન સાંભળી શકવા માટે વૃક્ષ સાથે મૈત્રી જરૂરી છે. જયાં મિત્રતા છે ત્યાં શત્રુતા આપોઆપ નાશ પામે છે. મનુષ્યનું મનુષ્યત્વ ખીલવવાની આ તક છે. વૃક્ષોનું છેદન એ માનવજાતનું નિકંદન નથી શું? પથ્થર મારોને ફળ આપે - આ કક્ષાનો ઉપકાર તો વૃક્ષ જ બતાવી શકે.

**મિસરી**

**'માણસ સાથેની મૈત્રીમાં દગાની શકયતા છે.'**

**- (સં.દે.)**

# બહેનો અતિશય જોખમ ઉઠાવતી આવી છે એટલે જ આ જગત ચાલે છે

મહાત્મા ગાંધીના વિચારોમાં સ્ત્રી સ્વાતંત્ર્ય ટોચે રહેતું હતું. પરંતુ ગાંધીજી સ્ત્રીઓને દુર્લબ નારી કે અબળા નહીં ગણતા સતત સ્ત્રી તો સબળ છે એવો જ ભાવ વ્યક્ત કરતા હતા. સ્વાતંત્ર્યની ચળવળ સમયે 'મીઠા ના-કર' સત્યાગ્રહ સમયે અંગ્રેજ સરકારે લગભગ તમામ અગ્રણીઓની ધરપકડ દાંડી સત્યાગ્રહ સમયે કરી હતી. માત્ર ગાંધીની ધરપકડ કરવામાં આવી ન હતી. દાંડીના દરિયે ચપટી મીઠું તો ૧૨મી માર્ચે ઉપાડીને તમણે સવિનય કાનૂનભંગ કર્યો હતો પરંતુ તેમની ધરપકડ છેક ૫મી મે ૧૯૩૦ના મધરાતે થઈ હતી.

મીઠા સત્યાગ્રહ સમયે સમગ્ર દેશમાં અહિંસક રીતે ચળવળ ઘણેભાગે ચાલી હતી. ગાંધીજીએ ૧૨ માર્ચથી ૫મે ૧૯૩૦ના ગાળામાં સૌથી વધુ પ્રમાણમાં મહિલા શક્તિને સત્યાગ્રહમાં વેગવાન બનાવવાનું કાર્ય કર્યું હતું.

દાંડીથી નજીક આવેલા વિજલપોર (નવસારી)ની એક મહિલા સભામાં કોઈને પ્રશ્ન પૂછવો હોય તો પૂછે એમ જયારે ગાંધીજીએ પોતાના ભાષણ પછી કહ્યું ત્યારે સત્યાગ્રહ સૈનિક યુવતીએ સવાલ પૂછ્યો હતો કે જો ચોકી કરતા અમારા ઉપર હુમલો થાય તો શું કરવું ? - ગાંધીજીએ જવાબ આપ્યો હતો કે -

હુમલો થવા સંભવ નથી. પણ જો તેમ બને અથવા સરકારના પોલીસો ઘોડા ચલાવી તમને વિખેરી નાખે તો તમો શાંતિથી સહન કરજો. સ્ત્રી તો સહન કરવાની ખૂબ શક્તિ ધરાવે છે. આવો હુમલો થશે તે દિવસથી દારૂનાં પીઠાં ગયાં સમજજો. જો કોઈ દારૂ પીનાર તમને મારશે તો તે જ દિવસથી તે દારૂ પીવાનો હંમેશને માટે ત્યજી દેશે એ ખાતરી માનજો.

**ગાંધીજીએ ધરપકડ ના થઈ એ દિવસો મહિલા કેળવણીમાં લગાડ્યા**

૧૨મી માર્ચના ઐતિહાસિક દિવસ પછીના બીજા જ દિવસે તા.૧૩મી અને તા.૧૬ મી માર્ચે મહિલા પરિષદ રાખી હતી. પહેલીમાં સો બહેનોની જ આશઆ હતી પણ સંખ્યા હજારની થઈ હતી. અને તા.૧૬ની વિજલપોરની બેઠકમાં તો મુંબઈ અને અમદાવાદની મહિલાઓ જ આવવાની હતી પણ સુરતની મહિલાઓને આ ખબર પડી એટલે આખા સુરત વિસ્તારની બહેનો પણ પરિષદમાં હાજર થઈ ગઈ હતી સ્વયંભૂ.

'મીઠા ના કર' સામેની લડાઈની સાથે ગાંધીજીની હાજરીમાં મળેલી પ્રથમ મહિલા પરિષદમાં જ કેટલાંક ઠરાવો થયા. જેમાં દારૂ-તાડીના પીઠા બંધ કરાવવા મહિલા પિકેટીંગ, વ્યસનીઓને સમજાવટ, ખાદી કાંતણ અને ખાદી અપનાવી વિદેશી કાપડને છોડાવવાની સમજાવટ વગેરે કાર્યો કરવા ઠરાવ થયો હતો.

મિસિસ તૈયબજી, મીઠુબેન પિટીટ, મણિબેન પટેલ, રોહિણીબેન દેસાઈ જેવા ગાંધીયન મહિલા સત્યાગ્રહીઓની ઉપસ્થિતિમાં મહિલા પરિષદને સંબોધતા ગાંધીજીએ કહ્યું હતું, 'અમુક કાર્ય બહેનો માટે જ હોય. દારૂ નિષેધ અને પરદેશી કાપડનો બહિષ્કાર એ એવાં કામો છે જે તમે ન કરો તો નથી જ થવાના. ૧૯૨૧માં આ કામો પુરુષોએ કરાવ્યા, પણ તે ક્યાં સુધી ટકે? મારે હારીને તે વાત પડતી મૂકવી પડી. બહેનોને એ કામ સોંપ્યું હોત તો પડતું મૂકવું ન પડત. હું જયારે ખૂબ મુંઝાયો ત્યારે કાચબા-કાચબીના ભજનમાંથી છે તેમ પ્રભુએ મને એ કામ બહેનોને સોંપવાનું સૂઝાડ્યું.'

બાપુ મહિલાઓની શક્તિને સ્વીકારતા આગળ કહે છે - દુકાનો ઉપર ચોકી કરવાનું કામ બહેનો માટે જોખમ ભરેલું છે તો છે પણ બહેનો અતિશય જોખમ ઉઠાવતી આવી છે. તેથી જ આ જગત ચાલી શકે છે. દારૂ નિષેધ અને પરદેશી કાપડનો બહિષ્કાર બંને કામોમાં વિનવણી અને હૃદયપલ્ટાની જરુર છે અને સ્ત્રીઓ જ પુરુષના હૃદયમાં પ્રવેશ કરી તે પલટાવી શકે છે.




પરદેશી કાપડે ગ્રામ વસ્તીને બેકાર કરી દીધી છે. ખાદી પ્રવૃત્તિની ૧૦ વર્ષની નજીવી પ્રવૃત્તિએ રેંટીયાં કાંતણ થકી રૂપિયા ઘર સુધી પહોંચાડ્યા છે. માટે તમારી પાસે કરોડોનું કામ કરાવવું છે. બાપુ પાછા વચન પણ લઈ લે છે, મહિલા કાર્યકરોને તેઓ કહે છે આ બંને કામ ઉપાડશો એટલે તમારે તો વિલાયતી કપડાં ફેંકી બાળી દેવા જોઈએ. તમે કહેશો - છે એટલાં પહેરી ફાડીશું અથવા સંઘરી રાખીશું. આ પછી બાપુ તાર્કીક રીતે સમજાવે છે કે 'દારૂડિયો પણ કહેશે કે મારી પાસે છે એટલે દારૂ પી લઉં અથવા સંઘરી રાખીશ. જે વસ્તુને ઝેર માનીએ તેને એક દિવસ પણ કેમ રાખી શકીએ? આપણાં છોકરા ભૂલથી એ ઝેર ખાય નહીં એટલા માટે તો તેને ફેંકી દેવું જ ઘટે.'

સમયનો ઉપયોગ એ બાપુએ હંમેશા શીખવ્યું છે એમ દાંડી સત્યાગ્રહ અને સત્યાગ્રહી તરીકેની ધરપકડના દિવસ (મધરાત) વચ્ચેના ગાળામાં કરેલા કાર્યોમાં પણ જોવા મળે છે.

સંદર્ભ : ગાંધીજીનો અક્ષરદેહ, ભાગ-૪૩, દાંડીમાં ગુજરાત મહિલા પરિષદમાં ભાષણ, પૃષ્ઠ : ૨૮૨)

(લેખક ગુજરાત કૉલેજ, અમદાવાદ ખાતે સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)

# હૈયાની ઓસરીમાં તમે આવ્યાને, કેવું ઊઘડી ગયું આમ બારણું?

ગાંધીનગર સાહિત્યસભા અવસરવૃત્ત

ગાંધીનગર સાહિત્યસભા દ્વારા, મા ગરવી ગુર્જરીના ગુજરાતી સાહિત્યને હરદમ ધબકતું અને ધડકતું રાખી, તેને મઘમઘમતું અને ફોરતું રાખવા યોજાતા કાર્યક્રમો પૈકીના કાર્યક્રમ 'સર્જકને કૅફિયત' અંતર્ગત, ગાંધીનગરના આંગણે ગુજરાત રાજય માર્ગ વાહનવ્યવહાર નિગમના નાણાકીય સલાહકાર અને આ સંસ્થાના સભ્ય કવિ વિજયસિંહ ચાવડાના સ્વરચિત કાવ્યોના સ્વમુખે પઠનનો કાર્યક્રમ, પ્રમુખ ભરત કવિના અધ્યક્ષ સ્થાને તા.૧૨-૬-૨૦૧૬ના રોજ, નમન એપા., સે-૨૧ ખાતે સુપેરે યોજાઈ ગયો.




કાર્યક્રમની શરુઆતમાં, શબ્દની આરાધ્ય દેવી મા શારદાની સ્તુતિથી મંત્રી મૂળજીભાઈ પરમાર દ્વારા હાજર સર્વેના સુમધુર સ્વરના સથવારે કરવામાં આવી. ત્યારબાદ અધ્યક્ષસ્થાનેથી ભરત કવિ દ્વારા મહેમાન વિજયસિંહ ચાવડાનું અંતરના અમી ઝરતા શબ્દોથી સ્વાગત કરી, કવિનો પરિચય આપતાં જણાવ્યું કે, કવિને ગીતમાં ખૂબ ફાવટ છે અને ગીતના લયની અનુભૂતિ કરી શકીએ તેવી તેઓની બળકટ લેખનશૈલી છે અને તેઓ એક મળવા જેવા અને માણવા જેવા જણ છે. ત્યારબાદ તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ઉપપ્રમુખ નટવર હેડાઉ દ્વારા સ્મૃતિભેટ આપીને બહુમાન કરવામાં આવ્યું હતું અને કિશોર જીકાદરા દ્વારા ભરત કવિના પુસ્તકની ભેટ આપવામાં આવી હતી. જૂન માસમાં જે સભ્યોના જન્મદિન આવે છે તેઓ, ૨૬ સભ્યોની નામાવલિ રજૂ કરવામાં આવી અને ઐ પૈકીના હાજર સભ્યોનો આભાર માની શુભકામનાઓ સહ મુબારકબાદી સર્વે તરફથી પાઠવવામાં આવી હતી.

ત્યારબાદ વિજયસિંહે જણાવ્યું હતું કે, તેઓશ્રી સ્કૂલ-કૉલેજ સમયથી નિજાનંદ માટે લખતા આવ્યા છે, પરંતુ મિત્રોના - ચાહકોના આગ્રહને વશ થઈ, તેઓ પોતાનો પ્રથમ કાવ્યસંગ્રહ બહાર પાડવા વિચારી રહ્યા છે. તેઓ અધિકારી ઉપરાંત ધરતીપુત્ર છે અને ધીંગી ધરાને ખૂંદતાં, જે લાધ્યું તે શબ્દસ્થ કર્યુ છે. તો આવો માણીએ, તેમની ઉત્પાદિત ગીત-કાવ્યની ફસલના મદ-મધઝરતા સ્વાદને...

- હૈયાની ઓસરીમાં તમે આવ્યાને
  કેવું ઊઘડી ગયું આમ બારણું?
- તમે પાસે હો, ત્યારે રહો છેટા ને,
  જયારે છેટા હોય, ત્યારે લાગે પાસમાં,
- આપણા એક જ ખેતરના, બંને શેઢે હતા,
  તમે મળવાનો કેમ કર્યો વાયદો?
  તમે હતા ખંભાત ને અમે ખેડા હતા !
- કંઈ કેટલીયે ઊર્મિઓ ઉછળી હશે, ઉમટી હરશે
  અજાણ્યા સ્થળે અમને જોયા હશે !
- સૂકાભંઠ મલકમાં અમને લીલુંછમ કોઈ વન મળે,
  એ અજાણ્યા વન મહીં, કંઈ મનથી મન મળે!
- તમારા સમ! હું તો કયારનીયે ઊભી છું વાટમાં,
  ફૂટતી કોઈ કૂંપળનું ફણગાતું મૌન લઈને ફાંટમાં !
- પ્રેમને કોઈ બંધન વડે બાંધો નહીં,
  પ્રેમ તો મુક્તિનો પૈગામ છે.
- દિલ અમે અમારું આખેઆખું ખોલી નાખ્યું છે,
  તમે લીધા વિના કેવું છોલી નાખ્યું છે!
- તમારી આંખોએ અમને તન્હાઈ સરસ આપી છે,
  બહુ નિકટતાએ જિંદગી ભરની તરસ આપી છે!
- તમે મઝધારે મદમદ ભીનાશે તરબોળ!
  અમે કાંઠે બેસી રગેરગ રહ્યા કોરા!
- વિખરાતી ગમની છૂટાવાળની એક લટ
  બીજું ગમતું એક વિખરાતું વાદળ.
- કસુંબલ કાન્તની કુંડળીએ મન મોહ્યું છોગાળા,
  એક નજરુંમાં જ મન અમે જોયું છોગાળા!
- તમે વૈશાખી વાયરાનું લેશો નૈ નામ,
  અમે આભલામાં ચિત્ત પરોવ્યું !
- સામી છાતીએ જ અમને વાર કર્યો હોત,
  પીઠ પાછળથી તમે ખંજર હૂલાવ્યું છે!
  તમારા નિશાન પર તોય અમને નાઝ છે.
- ફાટ ફાટ ફાગણનાં ફૂટ્યાં છે ફૂલ
  આ ફાગણ પોર્યો અંગેઅંગમાં !
  હવે ઉમટ્યાં વાસંતી વાયરાનાં સૂર!
- વેલડું હળવેકથી વાસંતી વાયરાનાં પૂર!
  દીકરાના લીંપ્યાગૂંપ્યા ઓરતા હજી અકબંધ
  મેંદીમાં ઉઘડ્યાં મૈયરનાં હેત
  ઉઘડ્યું ઝાંઝરની ઘૂઘરીએ મૌન !
- સાત સાત ધાન્યના ઝવરા ઉઘાડી
  અમે નાગલીએ પૂજન કીધાં રે લોલ.
  કંકુ-ચોખા ને ફૂલના પછેડે અમે.
  ગોરમાને પૂજી લીધાં રે લોલ.
- જેણે જિંદગી આખી તમારી સેવા કરી છે,
  જે ઝૂરી ઝૂરી તમારી પાછળ મરી છે;
  તોય તમે રાણીનો દરજ્જો ન આપ્યો,
  કાન તમે પણ ગજબની કામકીરી કરી છે!

આમ કવિની રચનાઓને હાજર સર્વેએ નાણી, ખૂબ જ વખાણી અને મનભર માણી.

અંતમાં નિવૃત્ત આઈએએસ અને સાહિત્યકાર તથા આ સંસ્થાના સભ્ય હીરાલાલ બી. વરિયાએ તેઓના બીજા પુસ્તક- હાસ્ય-વ્યંગ લેખ સંગ્રહ (હળવા હાસ્યનો સથવારો, વ્યંગ વિનોદનો સથવારો) હાજર સર્વે વિનામૂલ્યે આપ્યો. ત્યારબાદ મંત્રી દ્વારા આભાર વિધિ કરી.

● વૃત્તસંચય

ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિ ઉજવણીનાં ઉપલક્ષ્યમાં, ગુ.સા.અ, ગાંધીનગર અને ગુ.દ.સા.પ્રતિષ્ઠાન, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે એક દિવસીય દલિત સાહિત્ય પરિસંવાદ અને દલિત કવિ સંમેલન તા. ૧૯.૬.૧૬ને રવિવારના રોજ સવારે ૯.૦૦ થી સાંજના ૪.૩૦ દરમિયાન, ગુજ.યુનિ., વિજ્ઞાન વિદ્યા ભવન, ઝુલોજી ઑડિયોરીયમ હૉલ, નવરંગપુરા, અમદાવાદ ખાતે ગુ.સા.અ.ના અધ્યક્ષ ભાગ્યેશ જહાની અધ્યક્ષતામાં અને ઉદ્ઘાટક નાથુભાઈ સોસા (સભ્ય ગુ.ઉ.સે. આયોગ) તથા અતિશિ વિશેષ ડૉ. મોહન પરમાર (વાર્તાકાર, ભા.સા.અ.વિજેતા), શ્રી ભી.ન.વણકર (દલિત સાહિત્યકાહર-વાર્તાકાર-વિવેચક) તથા ડૉ. નાથાલાલ ગોહિલ (પ્રખ્યાત સંત સાહિત્યકાર) ની વિશેષ ઉપસ્થિતિમાં યોજાશે. જેમાં ડૉ. પી.જી. જયોતિકર (કર્મશીલ, સાહિત્યકાર)ની અધ્યક્ષતામાં 'દલિત સાહિત્યની ધરોહર, સંવિધાનના નિર્માતા ડૉ. બાબાસાહેબ આંબેડકર' વિષય પર અતિથિ વક્તાઓ (૧) પ્રો. યશવંત વાઘેલા (૨) મૂળજીભાઈ ખુમાણ (૩) કિશોર મકવાણા - પોતાના વકતવ્યો આપશે. આ પરિસંવાદ-દલિત કવિ સંમેલનની બેઠકોનું સંચાલન મૂળજીભાઈ પરમાર, ધરમસિંહ પરમાર અને નિલેશ કાથડ કરશે. આ દલિત સાહિત્ય પર્વમાં સાહિત્યમિત્રોને હાજર રહેવા જણાવાયું છે.

**- muljibhaidadhi@gmail.com**